©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 03rd SEPTEMBER, 2026/BHADRA 12, 1948 [Issue No. 36

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	617-628	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	8851-9446
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૫/૨૦૨૬.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૨૬-૦૫-૨૦૨૬ થી તા. ૦૯-૦૬-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૫-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૫ માહે મે, સને ૨૦૨૬.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

ORDER

(Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

Blue Flag No Plastic Zone

(Shivrajpur Beach)

No. DBD/0809/07/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre length area from the designated Beach area at Shivrajpur has been identified as “No Plastic Zone” (area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach). A “No Plastic Zone” is the place where tourists or visitors are Strictly restricted to use Plastic within the 5 kilometre areas of the designated Beach and vendors are completely restricted to sale plastic within this zone.

Now, there, in exercise of the powers conferred upon me by Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, M. V. Desai, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict plastic use and saling of plastic items within the area besides light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which lead to increasing of plastic waste/plastic pullution can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 24-07-2026 up to 21-09-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that Using and saling of Plastic items within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as "No Plastic Zone".

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under section 223 of the Bharatiya Nyaya Sahita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 22nd July, 2026.

ORDER

(Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

Blue Flag No Transport Zone (Shivrajpur Beach)

No. DBD/0810/07/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre area and up to 300 metre towards landward from the HTL from the designated Beach area at Shivrajpur has been identified as "No Transport Zone" (area nearby the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landward from the HTL). A "No Transport Zone" is the place where tourists or visitors are strictly restricted to use public or personal or private vehicle transportation within the 5 Square Kilometre areas and up to 300 metre towards landward from the HTL of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, M. V. Desai, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict to use or drive any public or personal or private vehicles within the area besides the light house (Surve no. 58) to the end of Bay-2 point of the Sivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which concerned with the driving of any motor vechicles can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 24-07-2026 up to 21-09-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilinbual sign boards mentioning that Using or driving any public or personal or private vehicles within the area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as ''No Transport Zone''.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 22nd July, 2026.

ORDER

(Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

Blue Flag No Campaign & Dumping Zone (Shivrajpur Beach)

No. DBD/0808/07/2026.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre length area from the designated Beach area at Shivrajpur has been identified as "No Compaign &

Dumping Zone" (area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landwards from the HTL. A "No Compaign & Dumping Zone" is the place where tourists/visitors/local Citizens/Vendors/Campaigner are strictly restricted to use the areas for Campaigning or Dumping within the 5 square kilometre areas of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, M. V. Desai, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

"Public is hereby adivsed to restrict Campaigning and Dumping within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which lead to promote Campaigning and Dumping of any kind of materials can be undertaken in this designated area".

This order shall come into force with immediate effect from 24-07-2026 up to 21-09-2026 and shall be effective for a period of 60 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities Council and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilingual sign boards mentioning that Campaigning and Dumping within the areas besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as "No Campaigning & Dumping Zone".

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 22nd July, 2026.

M. V. Desai
Additional District Magistrate
Devbhumi Dwarka

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

વિષય : પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતાં હોસ્પિટલ/ક્લીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

જાહેરનામું

નં.એમએજી/સી/૧૬૩/E-૪૯૦૫૨૪/૨૦૨૬.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદરના પત્ર નં. જીપં/આરો/પોર/પી.એન.ડી.ટી./૯૯૯/૨૦૨૬, તા. ૨૯-૦૭-૨૦૨૬ થી પોરબંદર જિલ્લાની જુદી જુદી કુલ-૧૯ પી.સી. અને પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ અને એન્ટીનેટલ સોનગ્રાફી કરતી હોસ્પિટલ/ક્લીનીક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી. ટીવી કેમેરા લગાવવા બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે. હાલ P.C. & P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેવી પોરબંદર જિલ્લાની કુલ-૧૯ ક્લીનિકો/હોસ્પિટલ/સંસ્થાઓ કાર્યરત છે. આ રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ફરજીયાત ૩૦ દિવસના ઓડીયો-વિડિયો રેકોર્ડિંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. આમ, જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર દ્વારા કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું એ. ડી. મિયાત્રા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના P.C.& P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી પોરબંદર જિલ્લાની કુલ-૧૯ હોસ્પિટલ/કિલનિક કે સંસ્થાઓમા નીચે મુજબ હુકમ કરુ છું કે,

(૧) પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં P.C. & P.N.D.T. ACT અન્વયે નોંધાયેલ ક્લીનીકોમાં ફરજીયાત ૩૦ દિવસના (૨૪×૭ કલાક) ઓડિયો વિડીયો બેકઅપ સાથે સી.સી.ટી.વી. કાર્યરત રાખવાના રહેશે અને સોનોગ્રાફી રૂમમાં નકકી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી. સોનોગ્રાફી રૂમની અંદર કે જયાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૨) નકકી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમના આવન-જાવન નાં દરવાજા અલગ અલગ હોય તો બંને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૩) કોઈ હોસ્પીટલ/ક્લીનીક/સંસ્થા ખાતે એકથી વધુ ડોકટર હોય તેવી હોસ્પીટલ/ક્લીનીક/સંસ્થા ખાતે તમામ ડોકટરની ચેમ્બર કે જયાં સોનોગ્રાફી મશીન હોય તેવા તમામ ડોકટરની ચેમ્બરની બહારના દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. આ બાબત વીઝીટીંગ ડોકટરના કીસ્સામાં પણ લાગુ પાડવાની રહેશે.

(૪) સંબંધિત ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનું રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સબંધિત હોસ્પીટલ/ક્લીનીક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૭-૦૮-૨૦૨૬ થી તા. ૦૫-૧૦-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા સુધી અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર અથવા તેના તાબાનાં સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તથા નાયબ માહિતી નિયામકશ્રી, પોરબંદરની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૦૫-૦૮-૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

પોરબંદર, ૦૫ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/ સી/૧૬૩/E-૪૯૦૫૨૪, તા. ૦૫-૦૮-૨૦૨૬ સાથેનું પરિશિષ્ટ-૧

No.	Doctor Name	Hospital Name
1	Dr. Piyush Chitroda	Vedant Hospital
2	Dr. Dipti Chauhan	Anand Hospital
3	Dr. Nashroom Chuttani	New Life Hospital
4	Dr. Jignesh Modi	Riddhi Hospital
5	Dr. Kailash Lakhani	Jay Hospital
6	Dr. Nilesh Gorania	Venus Hospital
7	Dr. Kirit Bhatt	Meera Hospital
8	Dr. Bhavesh Parmar	Shreeji Hospital
9	Dr. Paras Majithiya	Manan Hospital
10	Dr. Jayesh Dabhi	Suvidha Sonography Centre
11	Chief Disctrict Medical Officer	M. R. Hospital
12	Dr. Mukesh Nakum	Aum Imaging Centre
13	Chief District Medical Officer	Civil Hospital Porbandar
14	Dr. Hira G. Kodiyatar	Siddharth Hospital & Maternity Home
15	Dr. Ashish Kucchadiya	Vatsalya Women's And Child Care
16	Dr. Yusuf Bhambhani	Global Hospital
17	Dr. Janardan Joshi	Joshi's Clinic
18	Dr. Sudhirkumar Sinh	Sambhav Daiglostic Centre
19	Shri Aftabhmed G. Karatela (Trustee)	Rafika Hospital

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું જાહેરનામું

નં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/F-1363/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./દરખાસ્ત/ ૧૨૭૬/૨૦૨૬, તા. ૨૫-૦૬-૨૦૨૬ થી સી.આઈ.એસ.એફ.ના જવાનો દ્વારા ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૨૯-૦૬-૨૦૨૬ ના દિવસ-૦૧ (એક) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૯-૦૬-૨૦૨૬ ના દિવસ-૦૧(એક) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉતર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજુબાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરથી દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૫-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનાના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૫ માહે જુન, સને ૨૦૨૬.

એ. ડી. મિયાત્રા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

જાહેરનામું

નં.ડીએમ-૧/ફા.નં.૨૪૩/(૨/૪)/પ્લા.કો.વાયર/જા.ના./૨૬.- ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ ખાતે ઘન કચરો, પ્લાસ્ટીક તથા શીપ કટીંગ દરમિયાન નિકળતા વાયરો તથા અન્ય વસ્તુઓને બાળવા/સળગાવવાની પ્રવૃતિને કારણે ઉત્પન્ન થતા ધુમાડાથી હવામાન ખૂબ જ પ્રદુષિત થાય છે અને તે લોકોનાં સ્વાસ્થ્ય માટે હાનીકારક નીવડે છે. આથી કોઈપણ વ્યકિતએ આ તમામ વિસ્તારોમાં ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ તે માટે જાહેરનામું બહાર પાડવા પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના પત્ર નં. ગુપ્રનિબોર્ડ/પ્રા.ક.-ભાવનગર/T-181/2026/7018 તા. ૩૦-૦૬-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, લોકોને શુધ્ધ પ્રદુષણરહિત હવા મળી રહે અને લોકોનું સ્વાસ્થય જળવાઈ રહે તે માટે ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ થતાં વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો અમલ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર, પ્રાદેશીક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર, નિર્દિષ્ટ અધિકારીશ્રી અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ, સંબંધિત ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકાઓ તથા સબંધિત પોલીસ થાણાના અધિકારીશ્રીઓએ કરાવવાનો રહેશે.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૩-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેર સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા અંગેનું

સંદર્ભ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૭-૨૦૨૬ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૫૯૯/૨૬

જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/સી.સી.ટી.વી. કેમેરા જા.નામું/૨૦૨૬/વશી-૩૨૯૧ થી ૩૩૨૦.-ભૂતકાળમાં અમદાવાદમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતોને મોટા પાયે નુકશાન કરવામાં આવેલ તે ધ્યાને લેતા તથા રાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થાઓ તરફથી વખતો વખત આ અંગે મળતી માહિતી મુજબ આવી રાષ્ટ્ર વિરોધી આંતકવાદી પ્રવૃતિ કરતી ગેંગ રાજ્ય તેમજ બહારથી આવે છે અને વાહનોનો ઉપયોગ કરે છે. હાઈવેની હોટલોમાં નાસ્તો અથવા જમવા માટે રોકાય છે. તેમજ પેટ્રોલપંપમાં પેટ્રોલ/ડીઝલ પુરાવવા પણ ઉભા રહેતા હોય અને ગુનો આચરતા પહેલા સ્થાનિક જગ્યાઓનું સર્વેક્ષણ કરતા હોય છે. જેથી આવી બાબતોને ધ્યાને રાખી આતંકવાદી/ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવા હોટલો, રેસ્ટોરન્ટો, પેટ્રોલ પંપ, ટોલપ્લાઝા, શોપિંગ મોલ/કોમ્પલેક્ષ હોસ્પિટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેન્કો, આંગડીયા પેઢી, ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળાઓ/મુસાફીરખાના, મનોરંજનના તમામ સ્થળો, આંગડીયા પેઢી, વિગેરે જાહેર સ્થળો ખાતે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જરૂરી છે.

જેથી સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ હોટલો, રેસ્ટોરન્ટો, પેટ્રોલ પંપ, ટોલપ્લાઝા, શોપિંગ મોલ/કોમ્પલેક્ષ હોસ્પિટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેન્કો, આંગડીયા પેઢી, ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળાઓ/મુસાફીરખાના, મનોરંજનના તમામ સ્થળો, આંગડીયા પેઢી, વિગેરે જાહેર સ્થળો ખાતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને રાખી હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા તમામ સ્થળો ખાતે અંદર તથા બહાર બન્ને પ્રિમાઈસીસ સંપુર્ણ કવર થાય તે મુજબ લગાવવા, જેમાં ઓછામાં ઓછુ એક માસનું બેક-અપ રહે તેવા ડીવીઆર સાથે લગાવવા તથા આ સી.સી.ટી.વી. કેમેરા પૈકી એક સી.સી. ટી.વી. કેમેરો રોડ/રસ્તાની મુવમેન્ટ તથા એન્ટ્રી/એકઝીટ સંપૂર્ણપણે કેપ્ચર થાય તે રીતે લગાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ના સમયગાળા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સંદર્ભવાળા પત્રથી પોલીસ અધિક્ષકશ્રી સુરેન્દ્રનગર દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

વાસ્તે હું વી. ડી. સાકરીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે (૧) સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, આંગડીયા પેઢી, મનોરંજનના તમામ સ્થળો ખાતે હાઈ ડેફિનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જેમાં ઓછામાં ઓછું એક માસનું બેકઅપ રહે તેવા ડી.વી.આર. સાથે લગાવવાના રહેશે. (૨) હોટેલ, રેસ્ટોરન્ટો, પેટ્રોલપંપ, ટોલપ્લાઝા, શોપીંગ મોલ/કોમ્પલેક્ષ, હોસ્પીટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેંકો, આંગડીયા પેઢી, ઢાબા, ટી-સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળા/મુસાફિરખાના, મનોરંજનના તમામ સ્થળો ખાતે અંદર તથા બહાર બંને પ્રિમાઈસીસ સંપૂર્ણ કવર થાય તે મુજબ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. (૩) ઉપરોકત સ્થળો ખાતે રાખવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી એક સી.સી.ટી.વી. કેમેરા રોડ/રસ્તાની મુવમેન્ટ તથા એન્ટ્રી/એકિઝટની જગ્યા સંપૂર્ણપણે આવરી લેવાય તે રીતે લગાવવા મુજબની વ્યવસ્થા કરવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

જુના વાહનો લે-વેચ કરતા લોકો પાસે આઈડેન્ટિટી ચકાસી નામ, સરનામાની માહિતીનું રજિસ્ટર રાખવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૬૦૧/૨૬

જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/જુ.વા. લે-વેચ જાહેરનામુ/૨૦૨૬/વશી-૩૩૨૧ થી ૩૩૫૦.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આંતકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ-અલગ રાજ્યોમાં આંતક ફેલાવવાનાં હેતુથી રજીસ્ટર ન થયા/થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાયેલ છે. આંતકવાદી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ નોંધ નહી હોવાના કારણે તેના મૂળ માલિક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે અથવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પૂરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ તથા લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમાં છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન પહોચે તેવી કોશીષ કરી રહયા હોઈ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી સદરહુ બાબતે તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, વી. ડી. સાકરીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજીક તત્વો રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનીક પરીસ્થિતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતીઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જૂના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનારા વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે. જેથી રજિસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ તેમજ વાહનોનું વેચાણ કરનારા તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથઆ આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે-જ્યારે આવા નવા/જૂના વાહનોનું વેચાણ કરે, રજીસ્ટર થયેલ હોય તેવા જૂના વાહનોની લે-વેચ કરે કે વાહનો ભાડે આપે ત્યારે જે વ્યકિતને આવું વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર પૂરાવા મેળવીને નીચે દર્શાવ્યા પ્રમાણે કોલમ વાઈઝના રજીસ્ટરની સ્થાનિક પો.સ્ટે. ના સહી સિક્કા કરાવી નિભાવણી અવશ્યપણે કરવા આથી જણાવવામાં આવે છે.

જુના વાહન લે-વેચ કરતી વખતે દુકાન ધારક/વેપારીએ નીભાવવાના થતા રજીસ્ટરનો નમુનો

ક્રમ	વાહન કોને વેચાલ છે/કોની પાસેથી ખરીદેલ છે/કોને ભાડે આપેલ છે. તેનું પૂરૂ નામ, જ્ઞાતી (જાત), ઉંમર, સરનામું કોન્ટેક નંબર	વાહનનો નંબર/ પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર	રજુ કરેલ આધાર પુરાવા જેવા કે, રેશનકાર્ડ/ ચુંટણીકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/બેન્કની પાસુબુક/ પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહિત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે, જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

મકાન ભાડે આપવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૫૯૮/૨૬.

જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/ભાડે મકાન જાહેરનામુ/૨૦૨૬/વશી ૩૩૫૧ થી ૩૩૮૦.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચે છે અને આ વિસ્તારનો સરવે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે

મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે ન આપે તેમજ ભાડે આપેલ મકાનની વિગત જે તે પોલીસ સ્ટેશન ખાતે માહિતી આપવા અંગેનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ નો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ગણવા તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા વંચાણવાળા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, વી. ડી. સાકરીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, અમોને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ. નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચો. મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ	મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂપિયા	કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

ભંગાર લે-વેચ કરતા લોકો પાસે માહિતીનું રજીસ્ટર રાખવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૫૯૭/૨૬.

જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/ભંગાર લે-વેંચ જા.નામુ/૨૦૨૬/વશી-૩૩૮૧ થી ૩૪૧૦.-જિલ્લામાં ચોરીઓના અવાર-નવાર બનાવ બનતા હોય જે બનાવોમાં ઘણા કિસ્સાઓમાં ચોરી કરનાર ઈસમો ચોરેલી ચીજ વસ્તુઓ ભંગારની લે-વેચ કરતા વેપારીઓને સસ્તા ભાવે વેચી દેતા હોય છે અને તપાસ દરમિયાન ભંગારનો લે-વેચનો ધંધો કરતા વેપારીઓનો સંપર્ક કરતા ભંગારની લે-વેચ કરતા વેપારીઓ પાસે ભંગાર વેંચવા આવેલ કે ખરીદ કરનારની કોઈ વિગત મળતી નથી કે તેઓ દ્વારા આવા કોઈ રજીસ્ટરો નિભાવવામાં આવતા નથી. જેથી ચોરી કરનાર ગુનેગારો સુધી પોલીસ સહેલાઈથી પહોચી શકતી નથી. જેથી આવા ભંગારની લે-વેંચ કરતા વેપારીઓએ ભંગાર વેંચવા આવનાર તેમજ ખરીદ કરવા આવનાર વ્યક્તિના નામ સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતુ રજીસ્ટર રાખવુ જરૂરી છે. જેથી પોલીસ વિભાગને જરૂર પડે ત્યારે સંપુર્ણ વિગત મળી રહે અને આરોપી સુધી સહેલાઈથી પહોચી શકાય જેથી નીચે જણાવેલ કોલમ મુજબનું રજીસ્ટર નિભાવવા ભંગાર લે-વેંચનો ધંધો કરતા વેપારીઓને અમલ કરાવવા સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, વી. ડી. સાકરીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લો વિસ્તારમાં ભંગાર લે-વેંચ કરનાર વેપારીઓને ભંગાર વેંચવા આવનાર તથા ખરીદ કરવા આવનાર વ્યકિતના નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવા માટે ભંગારનો સમાન લે-વેંચ કરનારા વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે. જેથી ભંગારનો સામાન ખરીદવા આવનાર તથા વેંચવા આવનાર વ્યકિત પાસેથી નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ જેવી જરૂરી માહિતી/આધાર પૂરાવા મેળવીને નીચે દર્શાવ્યા પ્રમાણે કોલમ વાઈઝના રજીસ્ટરની સ્થાનિક પો.સ્ટે.ના સહી સિક્કા કરાવી નિભાવણી અવશ્યપણે કરવા આથી જણાવવામાં આવે છે.

ભંગારનો સામાન લે-વેચ કરતી વખતે દુકાન ધારક/વેપારીએ નિભાવવાના થતા રજિસ્ટરનો નમુનો

ક્રમ	તારીખ	ભંગારનો પ્રકાર/વર્ણન તથા અન્ય વિગત	ભંગાર જેની પાસેથી ખરીદેલ હોય તેનું નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો	ભંગાર જેને વેચેલ હોય તેનુ નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

વિદેશી નાગરીકો/પરપ્રાંતિય લોકોને કામે/મજુરી માટે રાખવામાં આવે ત્યારે નાગરીકતાના પુરાવા તથા ગુનાહીત ઈતિહાસની જરૂરી ખાતરી કરવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૬૦૦/૨૬

જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/મજુર ઠેકેદાર જાહેરનામું/૨૦૨૬/વશી ૩૪૧૧ થી ૩૪૪૦.-અત્રેના સુરેન્દ્રનગર જિલ્લામાં મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસ કરતાં મોટા ભાગના કિસ્સાઓમાં જાણવા મળેલ છે કે ગુજરાત બહારનાં રાજ્યોમાંથી આવેલ મજુરો પ્રાથમિક ધોરણે રોડ પર ખાડા ખોદવાનાં તેમજ ઔદ્યોગિક એકમોમાં મજુરી કામ મેળવી તથા ખેતી કામ કરી સ્થાનિક પરીસ્થિતિથી વાકેફ થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલકત વિરૂધ્ધના ગુન્હા આચરી પરત પોતાનાં વતનમાં જતા રહે છે અને આવા ગુન્હા વણશોધાયેલ રહે છે.

તાજેતરમાં અત્રેના રાજ્યમાં ગેરકાયદેસર રીતે ખોટા પુરાવા/દસ્તાવેજો બનાવી રહેતા હોય તેવા અન્ય દેશોના નાગરીકો પકડાયેલ છે આ નાગરીકો પૈકી અમુક નાગરીકો આતંકવાદી પ્રવૃતિઓમાં જોડાયેલ હોય તેવુ પણ જણાઈ આવેલ છે. આ નાગરીકો ઔદ્યોગિક એકમોમાં મજુર તરીકે/સોનાચાંદીના વેપારીને ત્યાં કારીગર તરીકે તથા અન્ય મજુરી કામ કરતા હોય છે આવા લોકોને મજુર કે કારીગર તરીકે રાખતા પહેલા જે તે ઔદ્યોગિક એકમોના સંચાલકો/વેપારીઓ કોઈપણ જાતના નાગરિકતાના પુરાવા કે ગુનાહીત ઈતિહાસની માહીતી મેળવ્યા સિવાય કામે રાખતા હોય છે જે દેશની સુરક્ષા સંદર્ભે ખૂબજ ગંભીર બાબત છે.

જેથી અત્રેના જિલ્લામાં જે પણ ઔદ્યોગિક એકમો/દુકાનો/ખેત મજુરો/અન્ય કોઈ રીતે વિદેશી નાગરીકો/પરપ્રાંતિય લોકો કામે/મજુરી માટે રાખવામાં આવે ત્યારે જે તે ઔદ્યોગિક એકમ સંચાલક/દુકાનના માલિક/મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/કોન્ટ્રાકટરોએ કામે/મજુરી માટે રાખવામાં આવનાર ઈસમના નાગરીકતાના પુરાવા તથા ગુનાહીત ઈતિહાસની જરૂરી ખાતરી કર્યા બાદ જ કામે રાખવા તેમજ નીચે જણાવેલ ફોર્મ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડે તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી સદરહુ બાબતે તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, વી. ડી. સાકરીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય તે માટે કોઈ પણ મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે જ્યારે મજુરો કામે રાખે ત્યારે નીચે જણાવેલ ફોર્મ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટશેન ખાતે રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

મજુરો ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે જ્યારે મજુરો કામે રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં માહીતી આપવાનું ફોર્મ

૧.	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબર સહિત	
૨.	મજુરનું નામ તથા ઉંમર વર્ષ	
૩.	મજુરનું હાલનું સરનામું તથા મોબાઈલ નંબર	
૪.	મજુરનું મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જિલ્લો	
૫.	હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ	
૬.	મજુરના વતનનાં સ્થાનિક પો. સ્ટે.નું નામ તથા જિલ્લો અને ટેલીફોન નંબર	
૭.	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર	
૮.	મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	
૯.	કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે	
૧૦.	મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું)	
૧૧.	સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	
૧૨.	સુરેન્દ્રનગર જિલ્લામાં નજીકના સંબંધી હોય તો તેનું નામ સરનામું અને સંપર્ક નંબર	

૧૩.	મજુરના ભાઈ / બહેનના નામ / સરનામા / મોબાઈલ નંબર	
૧૪.	મજુરના કાકા / માસાનાં નામ / સરનામા / મોબાઈલ નંબર	
૧૫.	હાલમાં જ્યાં રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામા, મોબઈલ નંબર	
૧૬.	આધારકાર્ડ નંબર	
૧૭.	નાગરીકતાના પુરાવા અન્ય પુરાવા (નકલ સાથે)	
૧૮.	અન્ય માહિતી	

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગૂઠાનું નિશાન : ....

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી : ....

નામ : ....

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

મોબાઈલ ફોનના ટ્રેકીંગ કરવામાં હાલમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૬૦૨/૨૬.

જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/મો. ફો. ટ્રેકિંગ જા.નામુ/૨૦૨૬/વશી-૩૪૪૧ થી ૩૪૭૦.-રાજ્યમાં બનતા વિવિધ ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે અને મોબાઈલ ચોરીઓના ગુન્હાનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરનાર સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા કાઢવા નીચે મુજબની માહિતી ઉપયોગી થાય છે.

૧. કોઈપણ (જુના કે નવા) મોબાઈલ વપરાશકારકે તે મોબાઈલ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વહેંચેલ છે ? તે જાણવું જરૂરી છે.

૨. જે અંગે કોઈપણ (જુના કે નવા) મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વહેંચારનું તથા મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે જરૂરી છે.

મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાનાં મુળ સુધી પહોંચે ત્યારે આવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ મને આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. પરીણામે તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળી શકતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ/હેન્ડસેટ વિગેરે ફોટા સાથેના કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નકકી કરવામા આવતું જાહેરનામું બહાર પાડવામા આવે તો આવા મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓનાં મુળ સુધી પહોંચી શકાય તેમ હોય, પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી સદરહુ બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, વી. ડી. સાકરીયા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય તે માટે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ જુનાં કે નવા મોબાઈલ લે-વેચ કરતા દુકાન ધારકોએ ગ્રાહકો પાસેથી ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું રજીસ્ટરમાં નોંધવુ ફરજીયાત બનાવવા નીચે મુજબના રજીસ્ટર નિભાવવા આથી જણાવવામાં આવે છે.

જુના કે નવા મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની/મોડલ નંબર	IMEI નંબર	મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે તેનું પુરુ નામ સરનામું, મોબાઈલ નંબર સહીત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

જૂના કે નવા મોબાઈલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની/મોડલ નંબર	IMEI નંબર	મોબાઈલ કોને વેચેલ છે તેનું પુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર સહીત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૮-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

વી. ડી. સાકરીયા, G.A.S
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/ ૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/ ૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, અમરેલીનાં પત્ર ક્રમાંક : સ્વામિત્વ યોજના/ધારી/ લાખાપાદર/૨૦૨૬, તા. ૧૭-૦૪-૨૦૨૬.

જાહેરનામુ

નં. સ્વામિત્વ/અમરેલી/ધારી/લાખાપાદર/૧૨૬ જાહેરનામુ/૨૦૨૬.- ભારત સરકારશ્રીના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-S(૨) ના ઠરાવથી ગુજરાત રાજ્યનાં દરેક જિલ્લાનાં હેડકવાર્ટર તાલુકાનાં સિવાયનાં ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ અને ૧૩૧ થી મળેલ સતાની રૂએ જમીનનાં હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાનાં હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં વંચાણ-૧ નાં ઠરાવથી મળેલ સતાની રૂએ સિટી સરવે મેન્યુઅલનાં પારા-૭ ની વિગતે મોજે-લાખાપાદર, તાલુકો-ધારી, જિલ્લો-અમરેલી ની આ સાથેનાં પરિશિષ્ટ-અ (ખેતી) માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી) માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી) માં (હે. ૧૪ આરે. ૭૯ ચોમી. ૧૩) એમ કુલ ક્ષેત્રફળ હે. ૧૪ આરે. ૭૯ ચો.મી. ૧૩ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

અમરેલી, ૨૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

બી. એ. પટેલ
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ
કમ એકત્રીકરણ અધિકારી, અમરેલી

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જા.ક્રમાંક/નધણ/૯૦ થી ૯૧/૨૯૬/નં.CSGIRUSE202604678/ ૨૦૨૬.-જાહેર કરે છે શ્રી કોડીનાર અનાજ, કઠોળ, મગફળી ઉત્પાદક અને પ્રોસેસીંગ સ.મં.લી.,

મંડળીનુ કાર્યક્ષેત્ર કોડીનાર તાલુકા પુરતુ મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.ક્રમાંક/નધણ/૯૨ થી ૯૩/૨૯૪/નં.CSGIRUSE202604679/ ૨૦૨૬.-જાહેર કરે છે શ્રી ઉના અનાજ, કઠોળ, મગફળી ઉત્પાદક અને પ્રોસેસીંગ સ.મં.લી.,

મંડળીનુ કાર્યક્ષેત્ર કોડીનાર અને ઉના તાલુકા પુરતુ મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.ક્રમાંક/નધણ/૯૪ થી ૯૫/૨૯૨/નં.CSGIRUSE202604680/૨૦૨૬.-જાહેર કરે છે શ્રી ગીર ગઢડા અનાજ, કઠોળ, મગફળી ઉત્પાદક અને પ્રોસેસીંગ સ.મં.લી.,

મંડળીનુ કાર્યક્ષેત્ર કોડીનાર અને ગીર-ગઢડા તાલુકા પુરતુ મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

એન. ડી. ગોહિલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ગીર સોમનાથ

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0011/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, એલેક્જીર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604875, DATE 04-08-2026 છે.

રાજકોટ, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0015/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, મહારાણા ટાઉનશીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604876, DATE 04-08-2026 છે.

રાજકોટ, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0022/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ક્રિષ્નાભૂમિ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604893, DATE 06-08-2026 છે.

રાજકોટ, ૦૬ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0018/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, પુષ્ટિ હિલ્સ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604891, DATE 06-08-2026 છે.

રાજકોટ, ૦૬ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0020/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, આદેશ્વર એવન્યુ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604892, DATE 06-08-2026 છે.

રાજકોટ, ૦૬ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0024/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, આર. કે. બંગ્લોઝ-બી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604917, DATE 10-08-2026 છે.

રાજકોટ, ૧૦ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0026/08/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, આલાપ એસ્ટોરીયા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202604918, DATE 10-08-2026 છે.

રાજકોટ, ૧૦ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

વાય. ડી. દુધાત્રા
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
રાજકોટ

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.09.03 13:54:24 IST